PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૭/કવા–૦૨/૧૭–૧૮/ 7917 તા. 21-09-17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
મુલજીભાઈ નરસીભાઈ પરસાણા,
– અક્ષર ધામ– ચંદ્રપાર્ક પ્લોટ નં.૧૬૦,
૧૫૦ ફુટ રીંગ રોડ,
બીગ બજાર ની બાજુમા
રાજકોટ
મો: ૭૫૬૭૦ ૪૩૦૫૬

વિષય :–સરેરાશ બીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૧–૦૮–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૪૭/કવા–૦૨/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે. [illegible]જેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી જસદણ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, ત્રંબા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૪૭/ક્વા–૦૨/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૧૪–૦૯–૧૭ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: મુલજીભાઈ નરસીભાઈ પરસાણા, ગામ: રાજકોટ

રજુઆત કરનાર: અરજદાર શ્રી મુલજીભાઈ નરસીભાઈ પરસાણા હાજર રહેલ હતા.

વિરુધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, ત્રંબા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી જસદણ)

રજુઆત કરનાર :પી.જે. મહેતા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી જસદણ)

## : હુકમ :

### ફરીયાદ : સરેરાશ બીલ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ગ્રાહક નં.: ૬૦૪૧૭/૦૦૧૨૭/૪ ( એનઆરજીપી –૧૦ હોપા) – ગ્રીન હાઉસ મા ટપક સીચાઈ પધ્ધતિ થી ખેતીવાડી ની કુલ ૭ એકર જમીન માટે વીજજોડાણ ઘરાવીએ છીએ. સદર જોડાણ નુ મીટર બંધ હોવા ની મૌખીક જાણકારી આપેલ હતી. જેના અનુસંધાને, પીજીવીસીએલ દ્રારા આશરે ૦૩ માસ બાદ – તા.૨૨–૦૩–૧૫ ના રોજ મીટર બદલાવામા આવેલ, જેની લેબોરેટરી ચકાસણી કરવામા આવેલ હતુ, જેમા તેઓ હાજર રહેલ નથી. તેઓ ગ્રીન હાઉસ મા ટપક સીચાઈ પધ્ધતિ થી ખેતકામ કરતા હોવાથી ખૂબજ ઓછો વીજવપરાશ હોવો જોઈએ. તેમ છતા, પીજીવીસીએલ તરફથી, તેઓને પત્ર નં: ડીઈ/ટીએસડી/રેવ/૨૦૧૭/૫૧૨૪ તા.૩૧–૦૭–૧૭ મુજબ ૨૧૩૦ યુનીટ ની રકમ રૂ.૧૫,૭૦૮/૭૫ નુ જે બીલીગ કરાયેલ છે. તે નિયમાઘીન ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ના જોડાણ નં.: ૬૦૪૧૭/૦૦૧૨૭/૪ ( એનઆરજીપી –૧૦ હોપા) ને માહે ડિસેમ્બર–૨૦૧૪ સુધી નુ બીલીગ વીજવપરાશી યુનીટ મુજબ અપાયેલ છે. ત્યારબાદ, ૦૮ માસ ના બીલીગ મા વીજવપરાશ જોવા મળતો નથી. ગ્રાહક શ્રી ની મીટર બંધ હોવાની મૌખીક રજુઆત ના આઘારે તા.૨૨–૦૩–૧૫ ના રોજ સદર મીટર બદલાવી અને નવુ મીટર મુકેલ હતુ. જુનુ પેપર પેક મીટર લેબોરેટરી મા તા.૦૬–૦૫–૧૫ ના રોજ ચકાસણી કરાતા, સદર મીટર ની આંતરીક વાયરીગ બળેલ હતુ અને મીટર નુ ડિસ્પ્લે બંધ હતુ. જેથી ગ્રાહક શ્રી ને, સદર મીટર ક્ષતિગ્રસ્ત હોય, નામદાર જીઈઆરસી ના ઘારાઘોરણ એટલેકે નોટીફિકેશન નં.: ૦૪/૨૦૧૫ ના મુદદા નં.૬.૫૮ મુજબ ની વિગતે, ગ્રાહક શ્રી ના અગાઉ ના ગાળા ના ત્રણ દ્રીમાસીક બીલીગ દરમ્યાન થયેલ વીજવપરાશ ની સરેરાશ ગણી, જે ગાળા મા ગ્રાહક શ્રી નુ થ્રી ફેઇઝ મીટર વીજવપરાશી યુનીટ નોંઘતુ ન હતુ, તે ગાળા નો ઉપર મુજબ સરેરાશ વીજવપરાશ ગણી અને વીજબીલ આપવાનુ રહે છે. તે અન્વયે ગ્રાહક ને ૦૩ વીજબીલ સરેરાશ યુનીટ મુજબ પીજીવીસીએલ તરફથી, ૨૧૩૦ યુનીટ (૭૧૦ × ૩ ) ની રકમ રૂ.૧૫,૭૦૮/૭૫ નુ જે બીલીગ કરાયેલ છે, તે નિયમાઘીન છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| <u>૩.૧</u> | અરજદાર શ્રી ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની, તેઓના જોડાણ નં.: ૬૦૪૧૭/૦૦૧૨૭/૪ ( એનઆરજીપી –૧૦ હોપા) મા, જે. પીજીવીસીએલ તરફથી ૨૧૩૦ યુનીટ ની રકમ રૂ.૧૫,૭૦૮/૭૫ નુ જે સરેરાશ મુજબ બીલીગ કરાયેલ છે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલા, મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહીને, અરજદાર શ્રી નુ જુનુ પેપર પેક કરાયેલ મીટર, કે જેની લેબોરેટરી ચકાસણી તા.૦૬–૦૫–૧૫ દરમ્યાન જણાયેલ કે તે મીટર નુ આંતરીક વાયરીગ બળેલ હતુ અને મીટર નુ ડિસ્પ્લે બંધ હતુ. તે મીટર ખરેખર ક્ષતિગ્રસ્ત હોય, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ એટલેકે નોટીફિકેશન નં.: ૦૪/૨૦૧૫ ના મુદદા નં.૬.૫૮ મુજબ ની વિગતે, ગ્રાહક શ્રી ને અપાયેલ ત્રણ સરેરાશ વીજબીલ મુજબ નુ બીલ જે ૨૧૩૦ યુનીટ (૭૧૦ × ૩ ) ની રકમ રૂ.૧૫,૭૦૮/૭૫ નુ જે બીલીગ કરાયેલ છે, તે નિયમાધીન યોગ્ય છે. તે મુજબ ની અરજદાર પક્ષકાર ને જાણકારી આપવાનો, અત્રેના ફોરમ તરફથી નિષ્કર્ષ કરાયેલ છે. |

<u>મુદદા નં.–૪ :</u> <u>હુકમ</u>

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે ની, ફરીયાદી અરજદાર શ્રી ને જાણકારી આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>**નોંધ**</u> જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **<u>સદર નિર્ણય સામે</u>, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫''** સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી **જો નાણાંકીય** બાબત સબંધક **હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ** કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.